### LPGના વધતા ભાવ વચ્ચે વડોદરાવાસીઓનો PNG તરફ વળાંક

# એપ્રિલ ૨૦૨૫થી ૫૦ હજાર નવા કનેક્શન મંજૂર; ૪૫૦૦ અરજીઓ હજુ પેન્ડિંગ

**એપ્રિલ ૨૦૨૫થી** અત્યાર સુધીમાં રેકોર્ડબ્રેક કનેક્શન પૂરા પાડવામાં આવ્યા, વધતી માંગને પગલે તંત્ર દોડતું થયું

(પ્રતિનિધિ) વડોદરા તા.4

મધ્ય પૂર્વ દેશોમાં ફાટી નીકળેલા યુદ્ધ અને જીઓપોલિટિકલ અસ્થિરતાના પરિણામે વૈશ્વિક સ્તરે બળતણના ભાવમાં ભારે ઉછાળો જોવા મળ્યો છે. સ્થાનિક સ્તરે એલપીજી ઘરેલુ ગેસ તેમજ કોમર્શિયલ ગેસ સિલિન્ડરના ભાવ મોંઘા થતાં વડોદરાવાસીઓ હવે પાઈપલાઈન દ્વારા મળતા PNG તરફ ઝડપથી વળી રહ્યા છે. એલપીજી સિલિન્ડરના સતત વધતા બોજ સામે બચવા માટે વડોદરા ગેસ વિભાગ સમક્ષ નવા પાઈપલાઈન કનેક્શન માટે નાગરિકોની ભારે માંગ ઉઠી છે.

સત્તાવાર માહિતી અનુસાર, એપ્રિલ ૨૦૨૫ થી શરૂ કરીને અત્યાર સુધીના સમયગાળા દરમિયાન વડોદરા ગેસ વિભાગ દ્વારા રેકોર્ડબ્રેક કુલ ૫૦,૦૦૦ જેટલા નવા PNG ગેસ કનેક્શન મંજૂર કરીને ગ્રાહકોને પૂરા પાડવામાં આવ્યા છે. સિલિન્ડરની સરખામણીએ પાઈપલાઈન ગેસ વધુ સુરક્ષિત, સુવિધાયુક્ત અને આર્થિક રીતે પહોંચાય તેવો હોવાથી લોકોમાં તેનો ક્રેઝ વધ્યો છે.

જોકે, માંગમાં થયેલા અચાનક વિસ્ફોટના કારણે ગેસ વિભાગનું તંત્ર પણ દોડતું થયું છે. હાલમાં પણ અંદાજે ૪,૫૦૦ જેટલી નવી કનેક્શન માટેની અરજીઓ પેન્ડિંગ બોલી રહી છે, જેને ઉકેલવા માટે વિભાગ દ્વારા કામગીરી ઝડપી બનાવવામાં આવી રહી છે. બીજી તરફ, નિયમોનું ઉલ્લંઘન કરનારા, બાકી લેણાં ન ભરનારા કે ગેરકાયદેસર રીતે વપરાશ કરતા ગ્રાહકો સામે કડક વલણ અપનાવતા વિભાગ દ્વારા આ જ સમયગાળા દરમિયાન અંદાજે ૯૦૦ થી વધારે કનેક્શન કાપી પણ નાખવામાં આવ્યા છે. અધિકારીઓના જણાવ્યા મુજબ, બાકી પેન્ડિંગ અરજીઓનો ઝડપથી નિકા લ કરીને લાઈન વિસ્તારવાનું કામ ચાલુ છે, જેથી વધુમાં વધુ શહેરીજનોને ઘરેલુ ગેસ પૂરતો મળી રહે.

#### VGLએ ૯૦૦થી વધારે કનેક્શન બંધ કર્યા

રાંધણ ગેસના બોટલના ભાવોમાં સતત થઈ રહેલા ભાવવધારા અને બોટલ બુક કરાવવાની ઝંઝટમાંથી મુક્તિ મેળવવા માટે વડોદરાવાસીઓ હવે PNG ને પ્રાધાન્ય આપી રહ્યા છે. મિડલ ઇસ્ટમાં યુદ્ધના કારણે મોંઘવારી વધી છે ત્યારે પાઇપલાઇન ગેસ આર્થિક રીતે વધુ પરવડે તેવો સાબિત થઈ રહ્યો છે. ગેસ વિભાગ સમક્ષ આવેલી અરજીઓમાંથી ૫૦,૦૦૦ કનેક્શન આપી દેવાયા છે, જ્યારે ૪,૫૦૦ અરજીઓ પ્રક્રિયા હેઠળ છે. બીજી તરફ શિસ્તબદ્ધ કામગીરી દર્શાવતા વિભાગે ૯૦૦ થી વધારે કનેક્શન કાપીને કડક કાર્યવાહી પણ કરી છે.

## આજવા રોડ પર બાઈક સ્લીપ થતાં અજાણ્યો યુવક ગંભીર

(પ્રતિનિધિ) વડોદરા, તા.4

શહેરના આજવા રોડ પર સરદાર સ્ટીલ નજીક ભારત પેટ્રોલ પંપ પાસેથી પસાર થઈ રહેલા આશરે 30 વર્ષીય અજાણ્યા બાઈકસવારનું વાહન અચાનક સ્લીપ થતાં ગંભીર અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં યુવકને માથાના ભાગે ગંભીર ઈજા ઉપરાંત બંને હાથ-પગમાં પણ ઈજાઓ પહોંચી હતી. અકસ્માતની અસરથી તે ઘટનાસ્થળે જ બેભાન થઈ ગયો હતો.

ઘટનાની જાણ થતાં સ્થાનિકો અને રાહદારીઓ મદદે દોડી આવ્યા હતા અને 108 એમ્બ્યુલન્સને જાણ કરી હતી. 108ની ટીમે સ્થળ પર પહોંચી યુવકને પ્રાથમિક સારવાર આપી સયાજી હોસ્પિટલમાં ખસેડ્યો હતો. હાલ યુવકની હાલત ગંભીર હોવાનું જાણવા મળ્યું છે અને તે બેભાન અવસ્થામાં સારવાર હેઠળ છે. સયાજી હોસ્પિટલના તબીબોની ટીમ દ્વારા તેની સઘન સારવાર કરવામાં આવી રહી છે.

## ગર્ભવતી મહિલાને ટક્કર મારી ભાગતો કારચાલક ઝડપાયો



**કારચાલક** દારૂના નશામાં હોવાની સ્થાનિકોની શંકા

(પ્રતિનિધિ) વડોદરા,તા.4

વડોદરા શહેરના સન ફાર્મા રોડ પર કારચાલકે ગંભીર અકસ્માત સર્જ્યાની ઘટના સામે આવી છે. પૂરપાટ ઝડપે આવતી કારે રસ્તા પરથી પસાર થતી ગર્ભવતી મહિલાને ટક્કર મારતા મહિલા ઈજાગ્રસ્ત થઈ હતી.

અકસ્માત સર્જ્યા બાદ કારચાલક માનવતા નેવે મૂકી સ્થળ પરથી ભાગવાનો પ્રયાસ કરી રહ્યો હતો. જોકે, ઘટના જોઈ રહેલા જાગૃત સ્થાનિકોએ સમયસૂચકતા વાપરી કારચાલકને ઝડપી લઈ પોલીસને સોંપ્યો હતો. આ ઘટનાને પગલે સ્થળ પર લોકોના ટોળા એકઠા થઈ ગયા હતા અને કારચાલકના વર્તનને લઈને અનેક સવાલો ઉઠ્યા હતા. સ્થાનિકોમાં એવી પણ ચર્ચા છે કે કારચાલક દારૂના નશામાં હતો, જોકે આ બાબતે હજુ સુધી કોઈ સત્તાવાર પુષ્ટિ થઈ નથી. કારચાલક નશામાં હતો કે નહીં તે મેડિકલ તપાસ અને પોલીસ તપાસ બાદ જ સ્પષ્ટ થશે. સમગ્ર મામલે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.99

## પાણીગેટ શાકમાર્કેટ પાસે GEBના ડીપીમાં શોર્ટ સર્કિટથી આગ

(પ્રતિનિધિ) વડોદરા, તા.4

વડોદરાના ભીડભાડવાળા પાણીગેટ વિસ્તારમાં શાક માર્કેટ પાસે જી.ઈ.બી.ના ડી.પી. અને ટ્રાન્સફોર્મર પરથી પસાર થતા વીજ વાયરોમાં શોર્ટ સર્કિટથી અચાનક આગ લાગી હતી. આગના કારણે વિસ્તારમાં અફરાતફરી સાથે ફફડાટ ફેલાયો હતો.

ઘટનાની જાણ થતાં વીજ કંપનીના અધિકારીઓ અને કર્મચારીઓ સ્થળે દોડી આવ્યા હતા. આગ લાગેલી વીજ લાઈન વચ્ચે કર્મચારીઓ થાંભલા પર ચડી આગ બુઝાવતા અને વાયર કાપતા જોવા મળ્યા હતા. આ કામગીરીનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો છે. ઘટનાને પગલે સ્થાનિકોએ કર્મચારીઓની સુરક્ષા અંગે સવાલો ઉઠાવ્યા છે. આગ લાગેલી લાઈન પર પૂરતા સલામતી સાધનો વિના કામગીરી કરવી જોખમી હોવાનો સ્થાનિકોએ આક્ષેપ કર્યો હતો. વીજ લાઈનની તાત્કાલિક તપાસ કરી સલામતીના નિયમોનું પાલન થાય તેવી માંગ કરવામાં આવી છે.

## પાદરા તાલુકામાં એકલતાનો લાભ લઈ ઘરમાં ઘૂસી સગીરા સાથે અડપલા

**પરિવાર** મરણ પ્રસંગે જંબુસર ગયો ત્યારે આરોપી ઘરમા ઘૂસ્યો

**સગીરાએ** બુમરાણ મચાવતા આરોપી નાસી છૂટ્યો

(પ્રતિનિધિ) વડોદરા તા.4

વડોદરા જિલ્લાના પાદરા તાલુકાના એક ગામે પરિવારની ગેરહાજરીમાં ઘરમાં એકલી રહેલી સગીરાની છેડતી કર્યાની ચકચારજનક ઘટના સામે આવી છે. પરિવારજનો મરણ પ્રસંગે જંબુસર ગયા હતા ત્યારે આરોપીએ ઘરમાં પ્રવેશ કરી સગીરા સાથે શારીરિક અડપલાં કર્યાં હતા. સગીરાએ ચીસ પાડી ઘરની બહાર દોડી જતાં આરોપી પણ સ્થળ પરથી નાસી છૂટ્યો હતો. બનાવ અંગે વડુ પોલીસે પોક્સો એક્ટ સહિતની કલમો હેઠળ ગુનો નોંધી આરોપીની શોધખોળ હાથ ધરી છે.

પાદરા તાલુકાના ચિત્રાલ ગામની સીમમાં રાઘવ તલાવડી પાસે રહેતા પરિવારની સગીર દીકરી સાથે છેડતીની ઘટના બનતાં પોલીસ દોડતી થઈ હતી. સગીરાના માતા-પિતા અને તેનો ભાઈ મરણ પ્રસંગે જંબુસર ગયા હતા. દરમિયાન સગીરા ઘરમાં એકલી હતી.

આ સમયે જંબુસરના કહાનવા ગામની સીમમાં જાદવ તલાવડી પાસે રહેતો હનીફ ઉર્ફે અનવર ઉર્ફે અન્યો કાયમ ચૌહાણ ઘરમાં ઘૂસી આવ્યો હતો. ઘરમાં સગીરાને એકલી જોઈ આરોપીએ તેની એકલતાનો લાભ લઈ તેની સાથે શારીરિક અડપલાં કર્યા હતા.

આ દરમિયાન ગયેલી સગીરાએ ચીસો પાડતાં આરોપી ગભરાઈ ગયો હતો. સગીરા ઘરની બહાર દોડી જતાં આરોપી પણ ત્યાંથી નાસી છૂટ્યો હતો. બનાવ અંગે જાણ થતાં પરિવારજનો દ્વારા વડુ પોલીસનો સંપર્ક કરવામાં આવ્યો હતો. પોલીસે સગીરાની ફરિયાદના આધારે આરોપી હનીફ ચૌહાણની ધરપકડ કરવા પોલીસે શોધખોળ હાથ ધરી છે.

## પિસ્તોલ અને કારતૂસ સાથે પકડાયેલો ફરાર આરોપીને સુરતથી દબોચ્યો

(પ્રતિનિધિ) વડોદરા, તા.4

વડોદરા ક્રાઈમ બ્રાન્ચે આર્મ્સ એક્ટના ગુનામાં દોઢ વર્ષથી નાસતા ફરતા આરોપીને સુરતથી ઝડપી પાડ્યો છે. 24 ફેબ્રુઆરી 2025ના રોજ ગોલ્ડન ચોકડી પાસેથી પોલીસે ઓટોમેટીક પિસ્તોલ અને બે કારતૂસ સાથે એક આરોપીને ઝડપી પાડ્યો હતો. પૂછપરછમાં હથિયાર આપનાર તરીકે ધર્મસિંગ ગોપાલસિંગ કુશવાહનું નામ ખુલ્યું હતું. મૂળ મધ્યપ્રદેશના મોરેના જિલ્લાના આરોપી લાંબા સમયથી ફરાર હતો. ટેકનિકલ અને હ્યુમન સોર્સના આધારે તે સુરતમાં હોવાની માહિતી મળતાં ક્રાઈમ બ્રાન્ચે નાના વરાછા સીમાડા નાકા પાસે વોચ ગોઠવી સ્વાગત સોસાયટીમાંથી ધર્મસિંગ કુશવાહ (ઉ.વ.27)ને ઝડપી પાડ્યો હતો. આરોપીને હરણી પોલીસને વધુ તપાસ માટે સોંપવામાં આવ્યો છે.



### ખોદકામ બાદ યોગ્ય પુરાણ ન કરાતાં માર્ગ પર જોખમ

## તંત્રની તકલાદી કામગીરી ખુલ્લી પડી: ચોખંડી શાક માર્કેટ નજીક રસ્તો બેસી જતાં ટ્રક ખૂંપી

**૪ દિવસ** પહેલાં પ્રતાપનગર બ્રિજ પાસે પણ બની હતી આવી જ ઘટના



(પ્રતિનિધિ) વડોદરા તા.4

વડોદરા શહેરમાં મહાનગરપાલિકા દ્વારા ખોદકામ બાદ યોગ્ય પુરાણ અને સમારકામ નહીં થતાં વાહનચાલકો માટે જોખમ ઊભું થયું છે. ચોખંડી શાક માર્કેટ નજીક ગઈકાલે રાત્રે રસ્તો અચાનક બેસી જતાં માલસામાન ભરેલી ટ્રકના પાછળના પૈડાં જમીનમાં ખૂંપી ગયા હતા.

મળતી માહિતી મુજબ, ચોખંડી શાક માર્કેટ પાસેના માર્ગ પર તાજેતરમાં ખોદકામ કરવામાં આવ્યું હતું. કામ પૂર્ણ થયા બાદ રસ્તાનું યોગ્ય પુરાણ નહીં થતાં નબળી જમીન ભારે વાહનનો ભાર સહન કરી શકી નહોતી. ટ્રક ફસાઈ જતાં માર્ગ પર વાહનવ્યવહાર ખોરવાયો હતો અને વેપારીઓ તથા વાહનચાલકોને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો.

સ્થાનિકોના જણાવ્યા મુજબ, તંત્રની બેદરકારીને કારણે વાહનોને નુકસાન થવાની સાથે સમયનો પણ બગાડ થાય છે. મુખ્ય માર્ગો પર ખોદકામ બાદ યોગ્ય રીતે રસ્તો પૂર્વવત્ નહીં કરાય તો અકસ્માતનું જોખમ રહે છે.

નોંધનીય છે કે, ચાર દિવસ અગાઉ પ્રતાપનગર બ્રિજ નીચે પણ ખોદકામ બાદ યોગ્ય પુરાણ નહીં થતાં ટ્રકના પૈડાં રસ્તામાં ખૂંપી ગયા હતા. ટૂંકા ગાળામાં બનેલી આ બે ઘટનાઓથી પાલિકાની કામગીરી સામે સવાલો ઉઠ્યા છે.

નાગરિકોએ માંગ કરી છે કે ખોદકામ બાદ રસ્તાનું મજબૂત પુરાણ અને યોગ્ય સમારકામ કરવામાં આવે, જેથી ભારે વાહનોની અવરજવર ધરાવતા માર્ગો પર આવી ઘટનાઓનું પુનરાવર્તન ન થાય.

## મહંત સ્વામીની જન્મ જયંતીએ 63 સત્સંગીઓની હૃદય તપાસ



(પ્રતિનિધિ) વડોદરા તા.4

પ્રગટ ગુરુહરી મહંત સ્વામી મહારાજની 63મી જન્મજયંતી નિમિત્તે અટલાદરા સ્થિત બીએપીએસ શાસ્ત્રીજી મહારાજ હોસ્પિટલ દ્વારા વિશેષ હૃદયરોગ નિદાન કેમ્પ યોજાયો હતો. કેમ્પમાં સામાન્ય રીતે રૂ.3500થી વધુની આરોગ્ય તપાસ સેવાઓ માત્ર રૂ.666માં ઉપલબ્ધ કરાઈ હતી. જન્મજયંતીના સંયોગે કુલ 63 સત્સંગી-ગુણુભાવીઓએ હૃદયની તપાસ કરાવી હતી. સિનિયર કાર્ડિયોલોજિસ્ટ ડૉ. કમલદીપ ચાવલા તથા નિષ્ણાત ટીમે તબીબી પરામર્શ આપ્યો હતો. કેમ્પને સફળ બનાવવા રવિવારની રજા હોવા છતાં 30થી વધુ તબીબી, નર્સિંગ, ટેકનિકલ અને વહીવટી સ્ટાફે સેવાઓ આપી હતી. આ આયોજન દ્વારા હૃદયની તંદુરસ્તી અંગે જાગૃતિ સાથે સેવાભાવનો સંદેશ અપાયો હતો.

## ગોરવામાં સમાધાનના બહાને બોલાવી યુવકને ચપ્પુ અને પટ્ટા વડે માર માર્યો

**એક વર્ષ** પહેલાના ઝઘડાનો ખાર રાખી ત્રણ શખ્સોએ હુમલો કર્યો, ગોરવા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી

(પ્રતિનિધિ) વડોદરા, તા.4

વડોદરાના ગોરવા વિસ્તારમાં જૂની અદાવતને લઈને એક યુવક પર ચપ્પુ વડે જીવલેણ હુમલો કરાયાની ઘટના સામે આવી છે. આ મામલે ગોરવા પોલીસે ત્રણ આરોપીઓ સામે ગુનો નોંધ્યો છે.

ગોરવા પોલીસ મથકે નોંધાયેલી ફરિયાદમાં ફરિયાદી મહેબૂબ અહેમદ સરફરાજ અહેમદ રહે. સી/709 પાર્ક હેવન ફ્લેટ, શુભમ પાર્કની સામે, ગોરવા વડોદરાની ફરિયાદ મુજબ આરોપીઓ મુનાફ પઠાણ, રેહાન પઠાણ, આયાન પઠાણ નાઓએ ગત તા.3 ના રોજ મોજે-આલીયા ફ્લેટની સામેના ખુલ્લા મેદાનમાં આ કૃત્ય આચર્યું હતું. ફરિયાદ મુજબ, એક વર્ષ પહેલા સીકે પ્રજાપતિમાં ભણતા અલ્ફુરકાન નામના છોકરા સાથે ફરિયાદીના દિકરા દાનીશ રઝા નાઓને ધક્કામુક્કી થઈ હતી. તેનું ઉપરાણું લઈ ફરિયાદીના દીકરા સાથે બોલાચાલી અને ઝઘડો કરેલ તેની અદાવત રાખી આરોપીઓએ સમાધાન કરવાના બહાને ફરિયાદીના દીકરાને બોલાવી ગંદી ગાળો આપવા લાગ્યા હતા.

દરમિયાન આરોપી મુનાફે તેના પેન્ટના ખિસ્સામાં રાખેલ ચપ્પુ કાઢી ફરિયાદીના દિકરાના માથાના ભાગે ગંભીર ઈજા પહોંચાડી હતી, જ્યારે આરોપી રેહાન અને આયાને પોતાના કમરમાં પહેરેલ પટ્ટા વડે ફરિયાદીના દીકરાને બરડાના ભાગે મારી ઈજા પહોંચાડી હતી. આ બનાવ અંગે તા.4 ના રોજ ગુનો નોંધી પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથધરી છે. પોલીસે આરોપીઓની શોધખોળ શરૂ કરી છે અને ઘટનાના કારણો અંગે વધુ તપાસ હાથ ધરી, વિસ્તારમાં પેટ્રોલિંગ પણ વધારવામાં આવ્યું છે.

## અનિલ દેસાઈની NCBના સ્પેશિયલ PP તરીકે પુનઃનિમણૂક

વડોદરા: જિલ્લા સરકારી વકીલ અનિલ એમ. દેસાઈની NCB અમદાવાદ ઝોનલ યુનિટના સ્પેશિયલ પબ્લિક પ્રોસિક્યુટર તરીકે વધુ ત્રણ વર્ષ માટે પુનઃનિમણૂક કરાઈ છે. કેન્દ્રના કાયદા અને ન્યાય વિભાગે ફેબ્રુઆરી 2026થી ફેબ્રુઆરી 2029 સુધી વડોદરા જિલ્લા કોર્ટમાં NCBના કેસો લડવા તેમની નિમણૂક લંબાવી છે. અગાઉ ફેબ્રુઆરી 2022માં તેમની નિમણૂક થઈ હતી. અનિલ દેસાઈ કેન્દ્ર-રાજ્ય સરકારના વિવિધ કેસોમાં સ્પેશિયલ PP તરીકે કામગીરી કરે છે. વડોદરા ઉપરાંત ભરૂચ, પંચમહાલ, આણંદ અને નર્મદા સહિત નવ જિલ્લાઓમાં CGST, કસ્ટમ્સ અને એક્સાઈઝના કેસો માટે પણ તેમની નિમણૂક કરાઈ છે. ભાયલી સગીરા સામૂહિક દુષ્કર્મ કેસમાં પાંચેય આરોપીઓને આજીવન કેદની સજા અપાવવામાં તેમણે મહત્વની ભૂમિકા ભજવી હતી.



## પદ્મશ્રી ઉસ્તાદ શાહિદ પરવેઝ ખાનના માર્ગદર્શન હેઠળ સિતાર વર્કશોપ

**પર્ફોર્મિંગ** આર્ટ્સ ફેકલ્ટી ખાતે દ્વિવસીય આંતરરાષ્ટ્રીય સિતાર વર્કશોપનું આયોજન

**વિદ્યાર્થીઓને** સ્વર, લય અને રિયાઝની સાચી પરિભાષા સમજવામાં સીમાચિહ્નરૂપ સાબિત થશે

(પ્રતિનિધિ) વડોદરા,તા.4

મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઓફ બરોડાની ફેકલ્ટી ઓફ પર્ફોર્મિંગ આર્ટ્સના ભારતીય શાસ્ત્રીય વાદ્ય સંગીત વિભાગ દ્વારા એસ.પી.કે. એકેડેમી ઓફ મ્યુઝિકના સહયોગથી આંતરરાષ્ટ્રીય કક્ષાનો દ્વિદિવસીય સિતાર માસ્ટરક્લાસ અને વર્કશોપ તા. 4 અને 5 ઓક્ટોબરે યોજાશે. વિશ્વવિખ્યાત સિતારવાદક પદ્મશ્રી ઉસ્તાદ શાહિદ પરવેઝ ખાનના માર્ગદર્શન હેઠળ યોજાનાર વર્કશોપમાં રાગ, સિતારની તકનીક અને મંચ પ્રસ્તુતિ અંગે સઘન તાલીમ અપાશે.



ફેકલ્ટી ઓફ પર્ફોર્મિંગ આર્ટ્સ ખાતે યોજાનાર આ ત્રિ-સત્રીય વર્કશોપમાં સંગીતના વિદ્યાર્થીઓ, સાધકો, કલાકારો અને સંગીતપ્રેમીઓને ભારતીય શાસ્ત્રીય સંગીતની બારીકીઓ શીખવાની તક મળશે. વર્કશોપનું સંયોજન કન્વીનર ડૉ. રાહુલ બારોડિયા તથા કો-ઓર્ડિનેટર્સ ડૉ. નીતિન પરમાર અને ડૉ. ભાનુપ્રતાપ સાહૂ કરી રહ્યા છે. ડીન પ્રો. ડૉ. અજય અષ્ટાપુત્રેએ જણાવ્યું કે, અગ્રણી કલાકારનું માર્ગદર્શન વિદ્યાર્થીઓ માટે પ્રેરણારૂપ બનશે. વિભાગાધ્યક્ષ પ્રો. ડૉ. વિશ્વાસ સંતે જણાવ્યું કે, સાત પેઢીની ઈટાવા ઘરાનાની પરંપરાનું માર્ગદર્શન વિદ્યાર્થીઓ માટે સીમાચિહ્નરૂપ રહેશે.

# ચોરીનો મોબાઈલ ખરીદ્યો કે પોલીસની 'લોટરી' લાગી?



ગુજરાતમિત્ર વડોદરાની ગપસપ

વડોદરામાં કાયદો અને વ્યવસ્થાની રક્ષા કરનાર પોલીસ જ જો 'તોડપાણી'ના આરોપોના ઘેરામાં આવે તો સવાલ તો ઉઠવાના જ! ગણેશ ઉત્સવ દરમિયાન ગુમ થયેલા એક મોબાઈલની તપાસમાં પોલીસે મોબાઈલ શોધી કાઢ્યો અને આખરે મોબાઈલ ખરીદનાર યુવક સુધી પહોંચી ગઈ.

યુવકે પોલીસને કથિત રીતે જણાવ્યું કે તેણે મોબાઈલ અન્ય વ્યક્તિ પાસેથી રૂ.3,500માં ખરીદ્યો હતો. બસ, અહીંથી શરૂ થઈ 'કાયદાની કડક કાર્યવાહી'ની કથિત કહાની!

સૂત્રોના જણાવ્યા મુજબ, મોબાઈલ વેચનારને પણ પોલીસ સ્ટેશન બોલાવવામાં આવ્યો હતો. પૂછપરછ બાદ તેને જવા દેવાયો હોવાની ચર્ચા છે.

જ્યારે રૂ.3,500નો મોબાઈલ ખરીદનાર યુવકને કથિત રીતે 'ગુનામાં ફસાવી દઈશું', 'કેસ કરી દઈશું' જેવી ધમકીઓ આપવામાં આવી હોવાનો આક્ષેપ છે. અને પછી કાયદાની કલમો વચ્ચે જાણે 'તોડની ગણતરી' શરૂ થઈ ગઈ હોય તેમ યુવક પાસેથી રૂ.22 હજાર પડાવવામાં આવ્યા હોવાની ચોંકાવનારી ચર્ચા છે.

રૂ.3,500નો મોબાઈલ... અને રૂ.22 હજારની 'પોલીસ ફી'? જો આક્ષેપ સાચો હોય તો ગણિત પણ ગજબનું છે! મોબાઈલ ખરીદ્યો રૂ.3,500માં અને પોલીસની કથિત 'મહેરબાની' મેળવવા ચૂકવ્યા રૂ.22 હજાર! એટલે મોબાઈલની કિંમત કરતાં પણ અનેકગણી રકમ!

સવાલ એ છે કે કાયદો ખરેખર લાગુ થયો કે પછી કાયદાના નામે 'ડરનો દર' વસૂલાયો? પોલીસની ફરજ ગુનાની તપાસ કરવાની છે કે પછી 'ગુનો દાખલ કરી દઈશું' કહીને ખિસ્સું હળવું કરાવવાની? જો ખરેખર કોઈ પોલીસ કર્મચારી કે અધિકારી દ્વારા આવું કરવામાં આવ્યું હોય તો તે માત્ર એક યુવક પાસેથી નાણાં પડાવવાનો મામલો નથી, પરંતુ સમગ્ર પોલીસ તંત્રની વિશ્વસનીયતા સાથે જોડાયેલો ગંભીર પ્રશ્ન છે.

હવે જોવાનું એ છે કે ઉચ્ચ અધિકારીઓ આક્ષેપોને ગંભીરતાથી લઈને નિષ્પક્ષ તપાસ કરાવશે કે પછી 'બધું બરાબર છે' કહીને ફાઈલને પણ મોબાઈલની જેમ ક્યાંક 'લોક' કરી દેવામાં આવશે?

### ગરબા માટે NOCની દોડધામ, કોને 'ઘી કેળા'ની ખાતરી?



નવરાત્રિને હવે ગણતરીના દિવસો બાકી છે ત્યારે શહેરના મોટા ગરબા આયોજકોમાં ગરબાની તૈયારી કરતાં પરવાનગીઓ મેળવવાની દોડધામ વધુ જોવા મળી રહી છે. ખેલૈયાઓની સુરક્ષાના નામે ફાયર વિભાગે કડકાઈ શરૂ કરતાં આયોજકોના પગ ફાયર NOC માટે દોડવા લાગ્યા છે!

શહેરના 12 મુખ્ય ગરબા ગ્રાઉન્ડના આયોજકોએ ફાયર NOC માટે અરજી કરી હોવાનું જાણવા મળે છે. હવે ફાયર વિભાગની ટીમો મેદાન પર જઈને ઈમરજન્સી એક્ઝિટ, ફાયર એક્સ્ટિંગ્વિશર અને ફાયર ફાઈટર વાહનની વ્યવસ્થા ચકાસશે.

વાત સાંભળવામાં તો ખૂબ જ સરસ લાગે છે–તપાસ થશે, NOC મળશે અને ખેલૈયાઓ સુરક્ષિત રહેશે!

પણ સવાલ એ છે કે આ બધું ખરેખર મેદાનમાં થશે કે પછી કાગળ પર જ 'સેફ' જાહેર થઈ જશે?

હજારો ખેલૈયાઓ જે ગરબા ગ્રાઉન્ડમાં રાત્રે નાચશે ત્યાં સુરક્ષાના સાધનો માત્ર દેખાવ પૂરતા તો નથી ને? ફાયર એક્સ્ટિંગ્વિશર ખરેખર કામ કરે છે કે માત્ર ફોટામાં સારા લાગે છે? ઈમરજન્સી ગેટ ખરેખર ખુલ્લો રહેશે કે જરૂર પડે ત્યારે તેના પર જ તાળું લટકતું મળશે?

આયોજકો કરોડો રૂપિયાનો ખર્ચ અને કમાણીના હિસાબો કરે છે, પરંતુ ખેલૈયાઓની સુરક્ષાના સાધનોની બાબતમાં 'ચાલશે' વાળો અભિગમ તો નથી ને? સૂત્રોની વાત માનીએ તો મોટા આયોજકો માટે વિવિધ પરવાનગીઓ મેળવવી જાણે ડાબા હાથનો ખેલ છે. ફાયર, પોલીસ અને કોર્પોરેશનની પરવાનગીઓ છેલ્લી ઘડીએ પણ somehow આવી જ જાય છે!

તો પછી નાનો આયોજક નિયમોની ફાઈલમાં અટવાય અને મોટો આયોજક 'ઘી કેળા' ખાય–આવો કોઈ નવો નિયમ પણ છે કે શું? જો તંત્ર ખરેખર ખેલૈયાઓની સુરક્ષા અંગે ગંભીર હોય તો માત્ર NOC આપીને ફરજ પૂરી ન ગણવી જોઈએ. નવરાત્રિના નવેય દિવસ દરરોજ રાત્રે સરપ્રાઈઝ ચેકિંગ થવું જોઈએ. ફાયર એક્સ્ટિંગ્વિશરની એક્સપાયરી ડેટથી લઈને ઈમરજન્સી ગેટ પર તાળું છે કે નહીં, ફાયર વાહન માટે રસ્તો ખાલી છે કે નહીં અને તમામ સલામતી સાધનો ખરેખર કાર્યરત છે કે નહીં–આ બધું તપાસવું જરૂરી છે. કારણ કે આગ લાગે ત્યારે NOCની ફાઈલ આગ બુઝાવવાની નથી! અને જો નિયમો માત્ર NOC મેળવવા સુધી જ યાદ રહેવાના હોય, તો પછી દર વર્ષે સલામતીના નામે થતી આ આખી કવાયતનો અર્થ શું? ગરબા આયોજકો માટે NOC ભલે કાગળનો ટુકડો હોય, પરંતુ ખેલૈયાઓ માટે સલામતી જીવન-મરણનો સવાલ છે. હવે જોવાનું એ છે કે આ નવરાત્રિએ તંત્ર ખરેખર મેદાનમાં ઉતરશે કે ફરી એકવાર 'કાગળ પર બધું ઓલ ઈઝ વેલ' કરીને નવ દિવસ માટે જવાબદારી ભગવાન ભરોસે છોડી દેશે?

### ગણપતિ વિસર્જનની રાત્રે કાઉન્સિલરને લાફા! ઝપાઝપી બાદ પોલીસ સ્ટેશન પહોંચેલો મામલો 'રફેદફે'



વડોદરાના પશ્ચિમ વિસ્તારમાં ગણપતિ વિસર્જનની મધરાત્રે અંદાજે સાડા ચાર વાગ્યાના સુમારે બનેલી એક કથિત ઘટનાએ રાજકીય વર્તુળોમાં ગરમાવો લાવી દીધો છે. ગણેશ પંડાલ પાસે વાહન ધીમું ચલાવવાના મુદ્દે શરૂ થયેલી સામાન્ય બોલાચાલી કથિત રીતે એવી હદે પહોંચી કે અંતે 'લોકશાહીના પ્રતિનિધિ'ને જ લાફા પડ્યા હોવાની ચર્ચા શરૂ થઈ છે!

ચર્ચા મુજબ, નશાની હાલતમાં હોવાનું કહેવાતા કેટલાક કારચાલકો અને પંડાલ પાસે બેઠેલા યુવકો વચ્ચે બોલાચાલી થયા બાદ સ્થાનિક કાઉન્સિલરને સ્થળ પર બોલાવવામાં આવ્યા હતા. હવે અહીંથી મામલો 'સમાધાન' તરફ જવાને બદલે વધુ ગરમાયો હોવાની વાતો વહેતી થઈ છે. સ્થાનિક ચર્ચા પ્રમાણે, કાઉન્સિલરે યુવકો સાથે ઉગ્ર ભાષામાં વાત કરી હોવાના આક્ષેપ વચ્ચે યુવકોનો પિત્તો ગયો અને કાઉન્સિલરને બે-ત્રણ લાફા ચોડી દીધા હોવાની ચર્ચા છે. મામલો ઉગ્ર બનતા પોલીસને જાણ કરવામાં આવી અને પોલીસ કાફલો સ્થળ પર પહોંચ્યો હોવાની માહિતી છે. ત્યારબાદ સંકળાયેલા લોકોને પોલીસ સ્ટેશન લઈ જવાયા હોવાની પણ ચર્ચા છે.

પરંતુ ત્યાર પછીની કથિત કાર્યવાહી જ હવે સૌથી મોટો સવાલ બની રહી છે. સ્થાનિકોમાં એવી ચર્ચા છે કે મામલામાં રાજકીય આગેવાન અને કાઉન્સિલરનું નામ આવતા વિવાદને 'સમજદારીપૂર્વક' રફેદફે કરી દેવામાં આવ્યો. એટલું જ નહીં, ઘટનાના વીડિયો અંગે પણ અનેક ચર્ચાઓ ચાલી રહી છે.

જો આ ચર્ચાઓ સાચી હોય તો સવાલ સાદો છે–કાયદો ખરેખર અંધ છે કે પછી રાજકીય ઓળખાણ આવે ત્યારે ચશ્માં પહેરી લે છે? સામાન્ય નાગરિક પર શંકા હોય તો મેડિકલ ટેસ્ટથી લઈને કાયદાકીય કાર્યવાહી સુધીની આખી પ્રક્રિયા યાદ આવે છે. પરંતુ જો સત્તા અને રાજકારણની ઓળખાણ વચ્ચે કોઈ ઘટના બને તો શું 'સમાધાન' નામની ખાસ સુવિધા આપમેળે ચાલુ થઈ જાય? અને જો ખરેખર કોઈ વ્યક્તિ નશાની હાલતમાં હતી તો–તે સામાન્ય નાગરિક હોય કે ચૂંટાયેલો પ્રતિનિધિ–મેડિકલ તપાસ થવી જોઈએ કે નહીં? ગણપતિ બાપ્પાને વિદાય આપવાની રાત્રે જો કાયદો જ વિદાય લઈ લેતો હોય, તો પછી સવાલ લાફાનો નથી... સવાલ છે કાયદાની સમાનતાનો!

### ખાડા પ્રજાના ભાગે, ડામર 'VIP' ગરબા માટે!



સંસ્કારી નગરીમાં નવરાત્રિનો રંગ ચઢે એટલે ગરબાના તાલે શહેર ઝૂમી ઊઠે છે, પરંતુ આ વખતે એક વિસ્તારમાં ડીજેના તાલ કરતાં તંત્ર સામે સ્થાનિકોનો અસંતોષ વધુ જોરથી સંભળાઈ રહ્યો છે! જ્યાં વર્ષોથી સ્થાનિક રહીશો ખાડા-ટેકરાવાળા રસ્તાઓ પરથી પસાર થવા મજબૂર છે, ત્યાં પાલિકામાં અરજીઓ કરતાં કરતાં ચંપલ ઘસાઈ ગઈ, રજૂઆતો કરતાં ગળું બેસી ગયું અને કોર્પોરેટરોના દરવાજા ખખડાવતા હાથ દુખી ગયા–પણ રસ્તાના ખાડાઓને જાણે 'કાયમી રહેવાસી'નો દરજ્જો મળી ગયો! પરંતુ વાત જ્યારે કાયમ વિવાદોમાં રહેતા યુનાઈટેડ વે ઓફ બરોડાના ગરબા સુધી પહોંચતી ગાડીઓની આવી ત્યારે જાણે તંત્રની ઊંઘ અચાનક ઊડી ગઈ!

હજારો રૂપિયાના પાસ, મોટા આયોજનો અને મોટી સંખ્યામાં આવનારા ખેલૈયાઓની ગાડીઓ માટે રસ્તો સારો હોવો જરૂરી બન્યો એટલે રાતોરાત મશીનો ગર્જવા લાગ્યા અને ડામરની જાજમ પથરાઈ ગઈ હોવાની ચર્ચા છે. જે રસ્તો સ્થાનિકોની રોજિંદી અવરજવર માટે વર્ષોથી 'ખાડા સફારી' બની ગયો હતો, એ જ રસ્તો ગરબાના મહેમાનો માટે અચાનક એટલો મહત્વનો બની ગયો કે જાણે વડોદરામાં કોઈ VVIPનું આગમન થવાનું હોય! સ્થાનિકો હવે કટાક્ષમાં પૂછે છે–રસ્તો પ્રજાના પૈસાથી બને છે કે પાસધારકોની સુવિધા પ્રમાણે? સામાન્ય નાગરિક સમયસર મિલકતવેરો અને અન્ય વેરા ભરે, રસ્તાની હાલત અંગે વારંવાર રજૂઆત કરે અને છતાં જવાબ મળે 'ટેન્ડર આવશે', 'પ્રક્રિયા ચાલી રહી છે' અથવા 'બજેટમાં જોગવાઈ નથી'... પરંતુ મોટી ઈવેન્ટનો વારો આવે ત્યારે એ જ તંત્ર પાસે રાતોરાત ડામર, મશીન અને માણસબળ બધું હાજર! જો કોઈ મોટા ગરબા આયોજનને કારણે રસ્તાની તાત્કાલિક મરામત જરૂરી હોય તો તે સારી વાત છે. પરંતુ સવાલ એ છે કે સ્થાનિક નાગરિકોની વર્ષોની સમસ્યા માટે પણ આવી જ ઝડપ કેમ ન દેખાઈ? શું સામાન્ય નાગરિકના ખાડા 'બજેટની પ્રક્રિયા'માં રહેવાના અને મોટા આયોજનના ખાડા 'રાતોરાત' ભરાઈ જવાના? સ્થાનિકોમાં હવે એવી ચર્ચા છે કે વડોદરામાં વિકાસનો નવો ફોર્મ્યુલા કદાચ તૈયાર થઈ ગયો છે–

જનતા માટે ખાડા...

માલેતુજારો માટે ડામર...

અને તંત્ર માટે 'બધું મેનેજ'!

હવે જોવાનું એ છે કે નવરાત્રિ પૂરી થયા પછી પણ આ રસ્તાઓનો વિકાસ ચાલુ રહેશે કે ગરબાના તાલ સાથે ડામરની જાજમ પણ વિદાય લઈ જશે?